Chapter 1. 3

# પ્રકરણ - ૩

# સંશોધન યોજના


૩.૧ પ્રાસ્તાવિક

૩.૨ વિષયનો ઉદ્દ્ગમ

૩.૩ સંશોધનનું વ્યાપ-વિશ્વ અને નમૂનો

૩.૪ સંશોધન પધ્ધતિઓ

૩.૫ માહિતી પ્રાપ્ત કરવાની પધ્ધતિ

૩.૬ માહિતી પ્રાપ્તિનાં સષ્ટીકરણો

૩.૭ માહિતીના પૃથક્કરણની રીત

# પ્રકરણ - ૩

# સંશોધન યોજના

## ૩.૧ : પ્રાસ્તાવિક

કોઈપણ સંશોધનની રૂપરેખા તૈયાર કરવામાં ખૂબ ઊંડાણથી વિચારવું પડે છે. એટલે કે, તેનું આયોજન સુવ્યવસ્થિત થવું જોઈએ. પધ્ધતિસરનું આયોજન કરવાથી સંશોધનનું લગભગ પચાસ ટકા કાર્ય થઈ જાય છે. એટલેજ આયોજન ઉપર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પ્રકરણમાં આ અંગેના નીચેના મુદ્દાઓની ચર્ચા કરી છે.

(૧) વિષયનો ઉદ્‌ગમ

(૨) સંશોધનનું વ્યાપ વિશ્વ નમૂનો

(૩) સંશોધન પધ્ધતિ

(૪) માહિતી પ્રાપ્ત માટેના સંદર્ભ સ્થાનોનું પરિશીલન

(૫) માહિતી પ્રાપ્તિનાં સ્પષ્ટીકરણો

(૬) માહિતીનાં પૃથક્કરણની રીત

## ૩.૨ : વિષયનો ઉદ્‌ગમ

અધ્યયનમાં સૌથી અગત્યનો તબક્કો સંશોધનનો છે. સંશોધનો ઘણા ક્ષેત્રમાં થતાં હોય છે. અહીં સંશોધક શિક્ષણ સાથે જોડાયેલા છે. પોતે શિક્ષક છે અને શૈક્ષણિક પ્રક્રિયા સાથે સંકળાયેલા વ્યક્તિ છે. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલમાં શ્રી શાસ્ત્રીજીના સાનિધ્યમાં રહીને તેમનું જીવન અને કવનને પ્રત્યક્ષપણે અવલોકન અને અનુસરણનો લાભ સંશોધકને ઠીક ઠીક મળેલ છે. શિક્ષણક્ષેત્રે ઘણા શિક્ષણકારોના શિક્ષણચિંતન પર સંશોધનો થાય છે. એવા સંશોધનનું વાચન કરતા સંશોધકને વિચાર આવ્યો કે, ગુરૂકુલ પરંપરાનાં પ્રણેતા એવા શ્રી શાસ્ત્રીજીના કેળવણી વિષયક વિચારો પર અભ્યાસ કરવામાં આવેતો તે શિક્ષણ જગતને ઉપયોગી પુરવાર થાય. આ દષ્ટિબિંદુ ધ્યાનમાં રાખી સંશોધનના પ્રસ્તુત વિષયની પસંદગી કરવામાં આવી છે. વિષયની પસંદગી થયા પછી પ્રસ્તુત વિષયને આનુષંગિક કેવાં અને કયા સંશોધનો થયા છે તે જાણવા પ્રયત્ન કર્યો છે. તેના અભ્યાસ

GUJARAT UNIVERSITY LIBRARY AHMEDABAD

પછી પ્રસ્તુત સંશોધન કયાં અને કેવા વળાંક લેશે તે વિચારી લેવામાં આવ્યું છે પછી સંશોધનના હેતુઓ, મર્યાદાઓને ધ્યાનમાં રાખીને સંશોધનોનો વ્યાપ વિશ્વ નમૂનો, સંશોધનો માટે જરૂરી માહિતીનું એકત્રીકરણ, વર્ગીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવા સંશોધકે પ્રયત્ન કર્યો છે. આ બધા માટે પૂ. શાસ્ત્રીજી શ્રી ધર્મજીવાદાસજીના હાથે લખેલા પત્રો અને તેમના ધર્મોપદેશના પ્રવચનોના ટેપવાણીમાંથી સારરૂપ સંપાદિત ગ્રંથ, વ્યાખ્યાનો અને તેમના માટે તેમના અનુયાયી લેખકોએ સંપાદિત કરેલા વિશેષાંક અને શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ કે જ્યાં તેમના જીવનનો મોટો ભાગ વ્યતિત થયો છે. તેમાં આવેલ પુસ્તકાલય એજ સંશોધક માટે પ્રેરણાનું સ્ત્રોત બની રહ્યું છે.

### ૩.૩ સંશોધનનું વ્યાપ-વિશ્વ અને નમૂનો

"સંશોધનની ક્રિયા કોના પર કરવી ? કોઈપણ શૈક્ષણિક ઘટનામાં અનેક પાત્રો સમાયેલા હોય છે. સંશોધનકાર એ બધાનું અવલોકન કરી શકે નહિં અને તે કામ ભારે પડી જાય એટલે જ સંશોધનના વ્યાપ-વિશ્વમાંથી, આવી આપત્તિઓથી બચવા માટે નમૂનાની પસંદગી થાય છે. સમગ્ર વ્યાપ-વિશ્વમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા પાત્રોનો નમૂનો લઇ તેના પર સંશોધનની પ્રક્રિયા થાય છે અને પરિણામો વ્યાપ-વિશ્વને લાગુ પડાય છે અને સમય, શક્તિ અને નાણાંની બચત થાય છે અને તે બધાનો, વધુ સારો ઉપયોગ કરવાની તક મળે છે."[૧]

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક સંશોધન છે. વિષયવસ્તુ પૃથક્કરણ પધ્ધતિનો અહીં ઉપયોગ કર્યો છે એટલે આ સંશોધનમાં એને વ્યાપ-વિશ્વ જેવું છેજ નહીં, છતાં એટલું તો કહી શકાય કે શ્રી શાસ્ત્રીજીના શૈક્ષણિક વિચારો, શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ અને તેની શાખાઓમાં થયેલ શૈક્ષણિક પ્રવૃતિઓ ઉપરાંત સત્સંગ ક્ષેત્રે સર્વજીવ હિતાવહ સેવા કાર્યોનું યોગદાન જોવાનું છે તે માટે અહીં નીચે મુજબની પ્રાપ્ત સામગ્રીનો વિષય વસ્તુ પૃથક્કરણ માટે ઉપયોગ કર્યો છે.

### ● માહિતી પ્રાપ્તિ માટેના સંદર્ભોનું સ્વરૂપ

સંશોધનોના પાયામાં સંશોધનના વિષયને અનુરુપ માહિતીનું એકત્રીકરણ રહેલું છે. અહીં માહિતી એકત્રીકરણમાં સંશોધનના બધા જ હેતુઓને ધ્યાનમાં રાખી શ્રી શાસ્ત્રીજીના

શિક્ષણ ચિંતનને લગતાં વિચારોનો ઊંડાણ પૂર્વક અભ્યાસ કરવામાં આવ્યો છે. શ્રી શાસ્ત્રીજીના વિચારો પ્રાપ્ત કરવા. મુખ્યત્વે બે પ્રકારના સંદર્ભોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

**(૧) પ્રાથમિક સંદર્ભો**

શ્રી શાસ્ત્રીજીના ઉપદેશો અંગેના ટેપવાણીના સંકલનમાંથી જે વિચારો પ્રાપ્ત થયા છે તે સંદર્ભો પ્રાથમિક સંદર્ભો ગણવામાં આવ્યા છે.

**(૨) ગૌણ સંદર્ભો**

શ્રી શાસ્ત્રીજી અંગે અન્ય લેખકોએ - વ્યક્તિઓએ લખેલા લેખો કે, પુસ્તકોને ગૌણ સંદર્ભો ગણવામાં આવ્યા છે.

પ્રસ્તુત સંશોધનમાં ગૌણ સંદર્ભોનું આંતરિક પરિશીલન કરતાં તે પણ પ્રાથમિક સંદર્ભોને સમકક્ષ ગણી શકાય તેવા જોવા મળ્યા છે, પ્રસ્તુત સંશોધનમાં કેટલાંક સંદર્ભોના લેખકો શ્રી શાસ્ત્રીજીના સમકાલીન હતા. જે આજે શ્રી શાસ્ત્રીજીના ઉત્તરાધિકારી છે. તેથી તેમની કૃતિઓ પ્રાથમિક સંદર્ભકક્ષામાં પણ મુકી શકાય.

<u>પ્રાપ્ત સામગ્રી</u>

ઉક્ત પ્રવિધિઓના ઉપયોગને પરિણામે સંશોધકને નીચેની સામગ્રી પ્રાપ્ત થઈ.

- શ્રી શાસ્ત્રીજીના ઉપદેશોની કેસેટોમાંથી જીવન અને શિક્ષણને લગતાં ચિંતનાત્મક ઉપદેશોના તારણોનું સંપાદિત પુસ્તક.
- શ્રી શાસ્ત્રીજીના જીવન અંગેના જુદા જુદા લેખકો વ્દારા લિખિત જીવન કથાના ગ્રંથ.
- શ્રી શાસ્ત્રીજીના જીવન ઝરમર અંગેની લેખમાળાના સદ્‌વિધા માસિકના અંકો.
- શ્રી શાસ્ત્રીજી લિખિત પત્ર ભાગીરથીમાંથી ૩૦ પ્રેરક પત્રોનું સંપાદન.
- શ્રી શાસ્ત્રીજીએ સ્વહસ્તે લખેલ પત્રોની ઝેરોક્ષ નકલો.
- શ્રી શાસ્ત્રીજીના શિક્ષણચિંતનના અમલીકરણની યોજનાઓના અક્ષર દેહ સંસ્થાના રજત જયંતી અંક અને સુવર્ણ જયંતી વિશેષાંક.
- શ્રી શાસ્ત્રીજીના સાનિધ્યમાં રહી પોતાનો જીવન વિકાસ કરેલ ભૂતપૂર્વ વિધાર્થીઓ અને સંસ્થા સાથે સંબંધિત અન્ય વ્યક્તિઓનો પ્રતિભાવ અહેવાલ.

આમ, અહીં પ્રસ્તુત અભ્યાસ વિષય વસ્તુ પૃથક્કરણ ઊપર આધારિત છે.

## ૩.૪ : સંશોધન પધ્ધતિઓ

હાથ ધરવામાં આવનાર સંશોધન ઐતિહાસિક પધ્ધતિ અને સર્વેક્ષણ સંશોધન પધ્ધતિને અનુસરવામાં આવેલ હોઇ પ્રસ્તુત અભ્યાસ નીચેની સંશોધન પધ્ધતિ વ્દારા હાથ ધરવામાં આવ્યો છે.

### (૧) ઐતિહાસિક સંશોધન પધ્ધતિ

પૂ. શાસ્ત્રીજી શ્રી ધર્મજીવનદાસજીના પુસ્તકો, પત્રો, સામાયિકો, પ્રવચનોનું ધ્વનિ મુદ્રણ અને અન્ય સાહિત્યનો અભ્યાસ કરીને તેમના શિક્ષણ વિષયક ચિંતન જાણવા ઐતિહાસિક સંશોધન પધ્ધતિ ઉપયોગમાં લેવામાં આવી છે.

### (૨) સર્વેક્ષણ પધ્ધતિ

જેમાં વ્યક્તિગત મૂલાકાત પહેલા જે તે નિયત વ્યક્તિઓ કે, જેઓ પૂ. શાસ્ત્રીજીના ગાઢ સંપર્કમાં લાંબો સમય રહેલા હોય તેમની રૂબરૂ મુલાકાત લઇને તથા પ્રશ્નાવલિની મદદથી પૂ. શાસ્ત્રી શ્રી ધર્મજીવનદાસજીના શિક્ષણ ચિંતન વિશે માહિતી મેળવવામાં આવી છે. આમ અહીં સર્વેક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### (૩) વિષયવસ્તુ-પૃથક્કરણ પધ્ધતિ

પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક પ્રકારનો હોવાથી પૂ. શાસ્ત્રીજીનાં લખાણો, પ્રવચનોનું વિષય-વસ્તુ પૃથક્કરણ કરી શિક્ષણનાં વિવિધ પાસાં અંગેના પૂ. શાસ્ત્રીજીના વિચારો તારવવામાં આવ્યા છે.

## ૩.૫ : માહિતી પ્રાપ્ત કરવાની પધ્ધતિ

(૧) માહિતી એકત્ર કરવા પૂ. શાસ્ત્રીજીના લખાણો, પુસ્તકો, સામાયિકો, તેમના ધ્વનિ મુદ્રિત પ્રવચનો, પત્રો અને અન્ય સાહિત્યનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(૨) પૂ. શાસ્ત્રીજીની સાથે લાંબો સમય રહેલા સંતો, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ પાસેથી અભ્યાસ સંબંધિત માહિતી એકત્રીત કરવા માટે પ્રશ્નાવલિ તૈયાર કરી તેમને મોકલી, માહિતી મેળવવામાં આવી છે.

(૩) પ્રશ્નાવલિ પરના મળેલ પ્રતિચારો તથા ખૂટતી માહિતી કે પ્રતિચારો સંબંધિત સ્પષ્ટતાઓ

મેળવવા માટે રૂબરૂ મુલાકાત લેવામાં આવી છે અને તે વ્દારા ખૂટતી માહિતીની પૂર્તિ કરવામાં આવી છે.

### ૩.૬ : માહિતી પ્રાપ્તિનાં સષ્ટીકરણો

માહિતી ક્યાંથી અને કેવી રીતે તથા કોના દ્વારા પ્રાપ્ત કરી છે તે સ્પષ્ટ કરવું જરૂરી હોયતો તે માહિતી પૂ. શ્રી શાસ્ત્રીજીના પત્ર ભાગીરથી, તેમના ધર્મોપદેશની ટેપવાણી અને તે અંગેનું સંપાદન પુસ્તક, સદ્‌વિધા અંકો, અને ગુરૂકુલ ઉત્સવોના વિશેષાંકો, શ્રી શાસ્ત્રીજીના જીવન ઝરમરના ચરિત્ર ગ્રંથો કે તેમના સામાયિકોના પ્રગટ થયેલ લેખો છે. આ બધા સંદર્ભોમાંથી સંશોધકે જાતેજ માહિતી પ્રાપ્ત કરી છે અને તેનું વિષયવસ્તુ-પૃથક્કરણ કર્યું છે.

### ૩.૭ : માહિતીના પૃથક્કરણની રીત

પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને ધ્યાનમાં રાખીને હેતુઓના ક્રમમાં પ્રત્યેક મુદ્દાઓનું યોગ્ય સંદર્ભ સ્થાનો દર્શાવીને રજુઆત કરવામાં આવી છે. આમ, પ્રસ્તુત સંશોધનમાં કાર્ડપધ્ધતિથી માહિતી એકત્રિત કરી છે, તેનું વર્ગીકરણ કાર્ડનંબર અને પેટાનંબર ઉપયોગ વડે વ્યવસ્થિત રજૂ કરવામાં આવી છે. જેના આધારે હેતુઓ પ્રમાણે એક એક મુદ્દાઓનું પૃથ્થકરણ-અર્થઘટન કરવામાં આવ્યું છે. તે પછી જ સંશોધક જુદા જુદા તારણો પર આવ્યા છે અને ત્યારબાદ શૈક્ષણિક સંશોધનનો ફલિતાર્થ તારવ્યો છે.

## પ્રકરણ સંદર્ભ સૂચિ

(૧) દેસાઇ હરિભાઇ જી.અને દેસાઇ કે. જી. - સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ (ચતુર્થ આવૃતિ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ - ૧૯૮૯, પૃષ્ઠ - ૨૦૧